# વિપુલ માત્રામાં ઉત્પાદિત બટાકાના ભાવ ગગડી જતાં રાજ્યના ખેડૂતો બેહાલ

## ગત વર્ષના ઉંચા ભાવથી આકર્ષાઈને કરેલુ વાવેતર ભારે નુકસાનમાં પડ્યુ, ખર્ચો પણ માથે પડ્યો

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં ચાલુ સાલે ખેડૂતોએ પુષ્કળ પ્રમાણમાં બટાકાનુ વાવેતર કરેલ હતુ. જેમાં બટાકાનું ઉત્પાદન પણ બમ્પર થયું છે. પરંતુ વાવેતર સમયે રહેલા ભાવો ગગડીને તળીળે આવી જતા ખેડૂતો હાલમાં ભારે નુકસાનમાં છે. ગત વર્ષે બટાકાના ઉંચા ભાવ રહ્યા હોવાથી શ્રેષ્ઠ વળતરની અપેક્ષાએ નાના ખેડૂતોએ પણ ઝંપલાવી દીધુ હતુ. જેથી વિપુલ ઉત્પાદન સામે માંગ ઘટી જતાં ભાવો નીચા જતા રહ્યા છે. જો કે કાતરી માટેનો લાલ બટાકો ઉદ્યોગ ક્ષેત્રે ખુબ જ માંગ વાળો હોવાથી તેમાં પુરતુ વળતર મળી રહ્યું છે. જો કે કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરી હજુ પણ ઉંચાભાવની અપેક્ષા ખેડૂતો સેવી રહ્યા છે.

તળીયે પહોંચી ગયા છે જેથી કરેલા ખર્ચા પણ માથે પડી રહ્યા છે. હાલમાં વીઘે ૩૦ થી ૪૦ હજારનો ખર્ચો કરેલ છે. જો કે કેટલાક ખેડૂતોએ અગમચેતી દાખવી તમામ માલ કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરી દીધો છે. જેમાં વળી પૂખરાજ અને બાદશાહ જેવી જાતી ધરાવતો બટાકો સંગ્રહલાયક પણ ન હોવાનું ખેડૂતો જમાવી રહ્યા છે.

ખેડૂતો સૌથી વધારે વાવેતર લબકર નામના બટાકાનુ કરે છે. જે બટાકો ખાવામાં મીઠો, સફેદ અને સંગ્રહ કરી શકાય તેવો હોય છે જેનો ભાવ હાલ મણે ૧૦૦ થી ૧૩૦ ચાલી રહ્યો છે. બીજી જાત છે પુખરાજ, બાદશાહ. આ બટાકો પીળાશ પડતા વધુ ટકી શકે નહી તેવો તથા બજારમાં ચલણમાં નથી તેવો છે. જેથી તેનો ભાવ ૮૦ થી ૯૫ ચાલે છે. જ્યારે કાતરી માટે સ્પેશ્યલ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

રાજ્યમાં છેલ્લા ઘણા વર્ષોથી બટાકાના વાવેતરમાં અનેક ઘણો વધારો થઈ રહ્યો છે. જેમાં અમુક વર્ષોને બાદ કરતાં ખેડૂતોને બટાકામાં સારૂ વળતર પ્રાપ્ત થયેલુ છે. ગત વર્ષે બટાકાના શ્રેષ્ઠ ભાવોથી અનેક ખેડૂતો માલામાલ થઈ ગયા હતા. આ કારણે ચાલુ વર્ષે મોટાપાયે તમામ ખેડૂતોએ વાવેતર કરી ઉંચી કમાણીની અપેક્ષા રાખી હતી તેમજ વાવેતર સમયે બટાકાના ભાવ પણ ગત વર્ષ જેટલા જ હતા જેથી ઉંચુ વળતર મળશે તેવુ જણાતુ હતુ. પરંતુ બટાકાના બમ્પર ઉત્પાદને ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવી દીધુ છે. અને ભાવ

ગણાતો એલ.આર. (સુંદુરી) બહારથી લાલ અને અંદરથી સફેદ છે. જેની માંગ વેફર બનાવતી કંપનીઓમાં સૌથી વધુ છે. જેનો ભાવ રૂ. ૨૦૫ થી ૨૩૦ છે. એક વિઘે ૪૦૦ મણ ઉત્પાદીત થતાં બટાકાનું બિયારણ ૧૩૦૦ થી ૧૮૦૦ ટીસ્યુમાં ૨૩૦૦ થી ૨૬૦૦ અને ફર્સ્ટમાં ૧૮૦૦ થી ૨૩૦૦ના ભાવનું હોય છે. જેથી યોગ્ય વળતર ન મળતા નાના ખેડૂતોની હાલત કફોડી બની છે. જ્યારે મોટા ખેડૂતોને ગત વર્ષમાં શ્રેષ્ઠ વળતર મળી ગયેલ હોવાથી તેમની સ્થિતિ યથાવત રહી છે.

# ચિલોડા આસપાસ જીવના જોખમે મુસાફરી કરતા મુસાફરો : તંત્રના આંખ મિચામણા

## હોળી-ધુળેટી કરવા વતન જતા રાજસ્થાની મુસાફરો બસો અને જીપોના છાપરે બેસીને મુસાફરી કરે છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના નેશનલ હાઈવે પર આવેલા ચિલોડા જંકશને હોળીનો તહેવાર ઉજવવા વતન તરફ જઈ રહેલા પરપ્રાંતિય મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. આ મુસાફરો જેમાં મુખ્યત્વે રાજસ્થાનના કારીગરોનો સમાવેશ થાય છે તેઓ જીવના જોખમે બસોના છાપરા પર બેસીને મુસાફરી કરી રહ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું ખૂબ મહત્વ છે અને દરેક પ્રાંતમાં અલગ અલગ તહેવારોનું મહત્વ હોય છે. ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનમાં હોળી-ધુળેટીના તહેવારનું ખુબ અદકેરૂ મહત્વ છે. ગુજરાતના ખૂણે ખૂણે રાજસ્થાનથી આવેલા વસાહતીઓ જેમાં વેપારીઓ, શ્રમિકો, કારીગરો વગેરે વસવાટ કરી રહ્યા છે.

આ તમામ રાજસ્થાની લોકો હોળીનો તહેવાર આવતા જ ઘર ભણી વાટ પકડે છે. ચિલોડા પંથક એ રાજસ્થાન તરફ જવાનુ જિલ્લાનું મહત્વનો પીકઅપ પોઈન્ટ છે. રાજ્યભરમાંથી રાજસ્થાન તરફ જતી જીપો, બસો, ખાનગી વાહનો અને ટ્રકો અહીંથી પસાર થાય છે. એટલે હોળી ઉજવવા માદરે વતન જતા રાજસ્થાનીઓથી હાલ ચિલોડા સર્કલ ઉભરાઈ રહ્યું છે.

આ તમામ મુસાફરો વતન સમયસર પહોંચવા યેનકેન પ્રકારે જોખમ ખેડીને મુસાફરી કરે છે જેમાં જીવના જોખમે બસો અને જીપોના છાપરાં પર બેસીને પણ તેઓ મુસાફરી કરે છે. આ સંજોગોમાં ક્ષમતા કરતા અનેક ગણા વધારે મુસાફરો લઈ જતા આ વાહનો રામભરોસે તંત્રના આંખ મિચામણા હેઠળ દોડી રહ્યા છે. આને તંત્રની બલિહારી કહેવી કે તંત્રનું લોલમલોલ...?



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

સેકટર-૨૯ સ્થિત 'ચ' ટાઈપ મિત્ર મંડળ દ્વારા આજે વરસોડા સ્ટેટમાં આવેલ વૃંદાવન વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વૃંદાવનમાં રહેતા ૨૫ જેટલા વડીલોને દાળ-ભાત, પુરી શાક અને મોહનથાળનું મિષ્ટાન જમાડયું હતું. જેમાં જગદીશભાઈ સુથાર, દિલીપભાઈ ચૌધરી, ગોવિંદભાઈ પરમાર, ઉત્પલભાઈ પાઠક અને સે-૨૯માં સેવાની ભેખ ધારણ કરી છે તેવા મનુભાઈ સોની જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે 'ચ' ટાઈપ મિત્ર મંડળ દ્વારા રવિવારે અનાથ આમ, વૃધ્ધાશ્રમ, અંધશાળાઓમાં જઈને નિઃસ્વાર્થ ભાવે સેવા કરવામાં આવે છે.

# સુઘડ કેનાલ પરની સલામતી જાળીમાં મસમોટા બાકોરા...!!

## લોખંડની જાળી તોડીને લોકો બિન્દાસ્ત નકામો પૂજાપો-કચરો કેનાલમાં ઠાલવી રહ્યાં છે : જીંદગીથી હતાશ થઈને આપઘાત કરવા પ્રેરાતા લોકો માટે પ્રાણઘાતક સમાન બાકોરાં : તંત્રનું અક્ષમ્ય દુર્લક્ષ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર પાસેથી પસાર થઈ રહેલ નર્મદા મુખ્ય કેનાલના સુઘડ ક્રોસીંગ ખાતે ઘણા સમયથી પુલ પર સેફ્ટી જાળી લગાડવામાં આવી છે. છે અને આવા હતાશ લોકોને આપઘાત કરી કિંમતી જીંદગી હોમી દેતા અટકાવવા લોખંડની ઊંચી જાળી લગાડવામાં આવી છે. આ જાળી લગાડ્યા પછી કેનાલના પુલ પરથી બાકોરા પાડી દીધા છે. અને જાળી પર પ્લાસ્ટીકની કોથળીઓ બાંધી જાણે બાધા-આખડીના દોરા બાંધ્યા હોય તેવી પરિસ્થિતિ સર્જી છે.

લોખંડની જાળી તોડીને પાડેલા



(તસવીર : સમીર રામી)

આ જાળીના કારણે આ કેનાલ પર આપઘાતના બનાવોમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે. જો કે છેલ્લા કેટલાક સમયથી આ જાળીને તોડીનો લોકોએ તેમાં ખૂબ મોટા બાકોરાં પાડી દીધા છે જેના કારણે આ સુરક્ષા જાળી માત્ર નામની જ રહી જવા પામી છે.

ગાંધીનગર અને અમદાવાદમાં જ્યાં નર્મદા કેનાલ પસાર થઈ રહી છે અને રોડ ક્રોસ થઈ રહ્યા છે ત્યાં દરેક પુલ પરથી આત્મહત્યા કરતા લોકોને સાવચેત કરતા બોર્ડ લગાડવામાં આવ્યા આત્મહત્યા કરવાના બનાવોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમજ કેનાલમાં પુજાપો, કચરો અને અન્ય ગંદકી ફેલાવતા લોકોથી પણ રાહત મળી છે. જો કે ગાંધીનગરની સૌથી નજીકના સુઘડ પુલ ખાતે આ સલામતી જાળીમાં લોકોએ બે-ત્રણ વ્યક્તિ એક સાથે કુદી શકે તેટલા મસ્ત મોટા બાકોરાં પાડી દીધા છે. લોકો ઘરમાં કે દુકાનમાં કરાવેલ પૂજા-હોમ-હવન વગેરેની વધેલી સામગ્રી પૂજાપાને પધરાવવા તથા અન્ય કચરાને કેનાલમાં ફેંકવા આ આ બાકોરા જીંદગીથી હતાશ થઈને આપઘાત કરવા પ્રેરાયેલા લોકો માટે પ્રાણઘાતક સાબિત થાય તેમ છે. દિવસ દરમ્યાન લોકો બિન્ધાસ્ત પણે આ બાકોરામાંથી પૂજાપો અને ગંદકી પધરાવી વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનની પણ હાંસી ઉડાવી રહ્યાં છે. છતાં તંત્ર આ બાબતે તદ્દન અજાણ જણાઈ રહ્યું છે. સત્વરે આ જાળી રીપેર કરાય અને ભવિષ્યમાં જાળીને નુકસાન પહોંચાડતા તત્વો સામે કડક કાર્યવાહી કરાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

# હોલીકા દહનમાં શ્રીફળની સાથે કપૂર અને ગુગળ હોમવા અપીલ કરાઈ

## પાલજ મહાકાળી ટ્રસ્ટ, સેકટર-૩ ન્યુ વસાહત મંડળ અને હ્યુમન ફાઉન્ડેશને સ્વાઈન ફલુ રોગથી મુકત થવા માટે નગરજનોને અપીલ કરી

ગાંધીનગર, તા.૩

૫મી માર્ચનાં રોજ દેશભરમાં હોલીકા દહનનો કાર્યક્રમ યોજવામાં આવશે. અસત્ય ઉપર સત્યના વિજયમાં સ્વાઈન ફલુ રોગ એક વિલન સમાન સાબિત થઈ રહ્યો છે. હોલીકા દહન સમયે જિલ્લા અને શહેરમાં અનેક જગ્યાએ કાર્યક્રમ યોજાશે. ગાંધીનગર સેકટર-૩-ન્યુ વસાહત મંડળ, પાલજ મહાકાળી માતા ટ્રસ્ટ અને હ્યુમન ફાઉન્ડેશને હોલીકા દહનમાં શ્રીફળની સાથે સાથે કપૂર અને ગુગળ હોમવા માટે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં હોલીકા દહનનો સૌથી મોટો મેળો પાલજ મહાકાળી માતાજીના મંદિરે ભરાય છે. પાલજમાં આગામી ૫મી માર્ચ ગુરુવારે મેળો ભરાશે. મેળામાં આજુબાજુના ગામડાઓમાંથી લોકો મેળો મ્હાલવા અને મહાકાળી માતાજીનાં મંદિરે દર્શનાર્થે જાય છે. ધગધગતા અંગારા ઉપર ચાલવાની પણ એક પરંપરા છે. મેળામાં શ્રીફળની સાથે સ્વાઈન ફલુ રોગને દુર કરવા હોળીમાં ગુગળ અને કપૂરને હોમવા માટે જણાવ્યું છે.

સેકટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા ૫ માર્ચ ગુરુવાર સાંજે ૭.૩૦ કલાકે મુહર્ત પ્રમાણે હોળી પ્રગટાવવામાં આવશે. મંડળના પ્રમુખ બાબુભાઈએ જણાવ્યું છે કે રાજયમાં અને શહેરમાં સ્વાઈનુ ફલુનો કહેર યથાવત છે. આ કહેરમાંથી નાગરિકોને મુકત થવા માટે ગુગળ અને કપુરનો ઉપયોગ કરવાથી સ્વાઈન ફલુ નામના રાક્ષસીરોગને મિટાવી શકીએ છીએ. હોળીમાં પૂજાની સામગ્રીમાં ગુગળ અને કપૂર ગોટી હોમવા માટે વિનંતી કરી છે.

ગાંધીનગરની જાણીતી સંસ્થાના પ્રમુખ કેતન પટેલે કહ્યું છે કે સ્વાઈન ફલુ નામના વાઈરસથી લોકોમાં ભયનું વાતાવરણ ફેલાયેલું છે. દિવસે દિવસે અનેક લોકો રોગમાં સપડાય છે ત્યારે આ રોગથી ગભરાવાની નહિ પણ સાવચેતી રાખવાની જરુર છે.

વધુમાં જણાવ્યું હતું કે જૂના જમાનામાં ઋષિ મુનિઓ વાતાવરણને શુધ્ધ કરવા માટે હવન કરતા હતા. જેમાં વિવધ ઔષધિઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. ત્યારે સ્વાઈન ફલુ રોગ પર વિજય મેળવવા માટે નાગરિકોએ હોળીમાં કપૂર ગોટી, ગુગળને પૂજાની થાળીમાં સ્થાન આપી હોળીમાં હોમવા માટે જાગૃતિના ભાગરૂપે અપીલ કરી છે.

શહેરીજનોને હલીકા દહનમાં કપૂર ગોટીને સાથે હોમવાની વાતમાં નાગરિકોએ સહકાર આપવા અપીલ કરી છે. તમામ સંસ્થા અને મંડળના આગેવાનોએ સ્વાઈન ફલુને નાથવા માટે સહયોગ આપવા વિનંતી કરી છે.



સાંઈ સ્પોર્ટસ કોમ્પલે સેકટર-૧૫ ખાતે ટેકવોન-ડૉ કરાટે સ્પર્ધાનું આયોજન રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે માસ્ટર કોચ પ્રકાશ સંભવાની, સાંઈના શ્રી ધુમાલસાહેબ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જનક દવે અને જતીન દવેએ કર્યું હતું. (તસવીર : કશ્યપર નીમાવત)

## સદ્દવિચાર પરિવારે પુસ્તકોનું દાન કર્યુ

ગાંધીનગર, તા. ૩

પુસ્તક એ જ્ઞાનનો ભંડાર અને એકલતાનો સાથી છે. પુસ્તકો મનુષ્યના મનને સાફ કરવા માટે સાબુનું કામ કરે છે. સદ્દવિચાર પરિવાર ગાંધીનગર જોટાણ સ્થિત સુદામા છાત્રાલયના છાત્રોની મુલાકાત લીધી હતી. છાત્રાલયના તમામ છાત્રોને અંગ્રેજી ડીક્શનરી અને જીવનમાં ઉપયોગી પુસ્તકોનું વિનામૂલ્યે દાન કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૧
સૂર્યાસ્ત : ૬.૪૪

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
અબ તક-૫૬ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :
દમ લગા કે હૈસા : ૧૧.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
જો બકા : ૨.૦૦, ૭.૦૦

સ્કીન-૩ :
જો બકા : ૧૧.૦૦
દમ લગા કે હૈસા : ૧.૩૦, ૭.૦૦
બદલાપુર : ૪.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

: સ્કીન-૨ :
બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
રોય : ૧૦.૦૦

સ્કીન-૪ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦
બેબી : ૩.૪૫
સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્કીન-૫ :
બદલાપુર : ૧૦.૦૦
રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
બેબી : ૯.૪૫

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર કાન્તીભાઈ હિરાભાઈ (ઉ.વ.૩૦) જીઈબી રોડ, ચરેડી છાપરાં, ગાંધીનગર
- સ્વ. હંસાબેન મહેન્દ્રભાઈ વાળા (ઉ.વ.૫૧) બ્લોક નં. ૧૦૧/૪, સેકટર-૨૩, છ-ટાઈપ, ગાંધીનગર
- સ્વ. ડાભી માણેકબેન રામજીભાઈ (ઉ.વ.૮૦) સરકારી પ્રા. શાળા, વોચમેન ક્વાર્ટર, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. શંભૂજી રામાજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર